વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

શ્રીકૃષ્ણ વામન ચિપલોનકર
(૧૯૩૯) ફોનઃ૨૩૨ ૨૩૪૨૫

ઝરણા તત્સત પારધી
(૧૯૫૦) ફોનઃ ૨૩૨ ૩૨૯૧૦

રાષ્ટ્રીય જુનિયર તરણ સ્પર્ધાનું રાજકોટમાં ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૧

ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ૨૯મી રાષ્ટ્રીય જુનીયર તરણ સ્પર્ધાનું રાજકોટમાં ઉદઘાટન કરતાં ગુજરાતમાં સ્પોર્ટસ ટુરિઝમ (ખેલકૂદ પ્રવાસન)નો અગ્રીમ વિકાસ કરવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો.

વિશ્વમાં ખેલ-પ્રવાસનનો ખૂબ વિશાળ અવકાશ છે અને તેથી ગુજરાતમાં રમતગમતની સ્પર્ધાના અવસરોને પ્રવાસન સાથે જોડવાની પ્રતિબદ્ધતા તેમણે વ્યકત કરી હતી.

સમાજમાં સ્પોર્ટસમેન સ્પીરીટથી જ ખેલદિલીની ભાવના અને નવી ચેતના જાગે છે એમ પણ તેમણે જણાવ્યું હતું. ગુજરાતમાં સ્પોર્ટસ યુનિવર્સિટી સ્થપાશે એવી તેમણે ભૂમિકા આપી હતી.

સ્વીમીંગ ફેડરેશન ઓફ ઇન્ડિયાની શાખા ગુજરાત સ્ટેટ એકવાટીક એસોસિયેશન અને રાજકોટ ડિસ્ટ્રીકટ સ્વીમીંગ એસોસિયેશનના ઉપક્રમે સૌરાષ્ટ્રમાં પ્રથમવાર અને ગુજરાતમાં ૨૫ વર્ષ પછી રાષ્ટ્રકક્ષાની જૂનિયર લેવલ તરણ સ્પર્ધા યોજાઇ રહી છે. રાજકોટના સરદાર પટેલ સ્વીમીંગ પૂલમાં આજથી ચાર દિવસ માટેની આ તરણ સ્પર્ધામાં ૯ થી ૧૨ વર્ષના સબ જૂનિયર કક્ષાના ૫૦૦ બાળ તરવૈયાઓ ભાગ લઇ રહ્યા છે. ભારતના ૨૫ રાજયો, રેલ્વે અને સેન્ટ્રલ સર્વિસ સ્પોર્ટસની ટીમો ભાગ લેવાની છે. ગુજરાતમાં રાજકોટના બે સહિત ૧૯ તરૂણ તરવૈયા બાળકો પોતાનું કૌશલ્ય બતાવશે.

ગુજરાતની ધરતી ઉપર ભારતભરના તરૂણ તરવૈયા સ્પર્ધકોને આવકારતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, આ વર્ષ સ્વામી વિવેકાનંદની દોઢસોમી જયંતિનું વર્ષ છે અને ગુજરાત તો તેને યુવાશક્તિ વર્ષ તરીકે ઉજવી રહ્યું છે અને આ સમગ્ર વર્ષ દરમિયાન ગુજરાત યુવાનોની ખેલકૂદ સ્પર્ધાઓને પ્રાથમિકતા આપશે.

સૌરાષ્ટ્રના ગોલ્ડ મેડલ જીતનાર તરણીવર રીશીત અપારનાથનું સન્માન કરાયું

આજે રાજકોટ ખાતે યોજાયેલી ૨૯મી નાલ્કો સબ જુનિયર રાષ્ટ્રીય તરણ સ્પર્ધામાં મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રાજકોટના ગોલ્ડ મેડલ જીતનાર એકમાત્ર તરણવીર રીશીત અપારનાથનું વિશિષ્ટ સન્માન કરાયું હતું. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ યુવા તરણવીરના તરણ કૌશલ્યને બિરદાવ્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, રીશીત અપારનાથે વર્ષ ૨૦૦૯ નેશનલ જુનીયર સ્કુલ ગેમ સ્પર્ધામાં તરણ સ્પર્ધાનો ગોલ્ડ મેડલ પ્રાઝ કર્યો હતો.

શ્રી રીશીત અપારનાથ આવો એવોર્ડ મેળવનાર સૌરાષ્ટ્રના સૌ પ્રથમ ખેલાડી છે. તેઓ રાજકોટના છે અને જયાં આ સ્પર્ધા યોજાઇ છે તે સરદાર પટેલ સ્વીમીંગ પુલમાં તાલીમ મેળવીને રાષ્ટ્રીયકક્ષાએ નામ રોશન કર્યું છે.

સમાચાર ઝલક

- **ગૌરીવ્રત સમયે સૂરતમાં સુકા મેવાના વહેપારીઓને ત્યાં દરોડા.**
- **સુદામા રિસોર્ટમાં જુગારાનાં અડ્ડો પકડાતાં એલસીબીના ત્રણ પોલીસ કર્મચારીઓ સસ્પેન્ડ.**
- **ધાનેરામાં વાયરલ ફીવરથી બાળકનું મોત, અસહ્ય ગંદકીથી રોગચાળો ફેલાયો છે.**
- **મૃતદેહ પાસે બેસાડી મહિલાને વિમાનમાં મુસાફરી કરાવી.**
- **મહેસાણાના બોરસાવી ગામે વિદ્યાર્થીઓને બસ ન મળતાં ચક્કાજામ.**
- **આર.એસ.એસ.ના પ્રાંતની જવાબદારીમાંથી ભાસ્કરાવ દામલેને મુક્ત કર્યા.**
- **આજથી તમામ સેવાઓ સર્વિસ ટેક્ષ લાગું થયો.**
- **યુરોકપની ફાઇનલમાં સ્પેન અને ઇટલી વચ્ચે મુકાબલો.**
- **આસામ અને પૂર્વના રાજયોમાં ૫.૦ ની તીવ્રતાનો ભૂકંપ.**
- **મુરાદાબાદની હોસ્પિટલમાં ભીષણ આગ લાગી.**
- **ગોધરા પાસે અકસ્માતમાં એક જ પરિવારનાં ૫ વ્યક્તિઓનાં કરૂણ મોત.**
- **દિલ્હીમાં ગરમીના કારણે શાળાઓમાં વેકેશન લંબાવાયું.**
- **અમરેલીના વડીયા ગામે ૬,૦૦૦થી વધુ બોગસ સીમ કાર્ડ પકડાયા.**
- **હૈદરાબાદના જયુબીલી હોલમાં ભીષણ આગ, પ્રણવ મુખરજી બહાર નીકળ્યા બાદ આગ લાગી.**
- **છેલ્લા એક દાયકામાં સૌથી વધુ પૂરના અસરવાળું આસામ : બ્રહ્મપુત્રા નદીમાં પૂર, લોકો પરેશાન-બેહાલ થયા.**
- **કડીમાં બળાત્કારના આરોપીએ લોકો પર ચોરીના આરોપની ફરિયાદ નોંધાવી.**

શામળાજીના વિકાસ માટે રૂા. ૬૮ કરોડ ખર્ચાશે

મુખ્ય મંદિર માટે રૂ. ૧૮ કરોડ અને અન્ય મંદિરો માટે ૭ કરોડ વપરાશે

હિંમતનગર, તા. ૧

સાબરકાઠા જિલ્લામાં આવેલા યાત્રાધામ શામળાજીના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા રૂા.૬૮ કરોડ ખર્ચવાનો નિરધાર કરાયા બાદ વિવિધ તબક્કે આયોજન કરીને જમીનનો સર્વે કરી દેવાયો છે. શામળાજીના ઉત્થાન માટે ગૃહ રાજયમંત્રીએ દાખવેલા રસના પરિણામ સ્વરૂપે વિકાસ ગતિ તેજ બની છે.

હિંમતનગરના ધારાસભ્ય અને ગૃહ રાજય મંત્રી પ્રફુલ્લ પટેલે અગાઉ શામળાજીના વિકાસ માટેનું સ્વપ્ન જોઈ નિર્ણય કર્યો હતો. ત્યારબાદ મંદિર ફરતેનું બાંધકામ દૂર કરાયા બાદ વિકાસ નકશો તૈયાર કરાયો હતો. રાજયસરકાર દ્વારા શામળાજીના વિકાસ માટે રૂા. ૬૮ કરોડ ફાળવવામાં આવ્યા છે.

આ અંગે જિલ્લા કલેકટર જય પ્રકાશ શિવહરે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, વિકાસ પૈકી શામળાજીના મુખ્ય મંદિર માટે રૂા. ૧૮ કરડો ખર્ચાશે. અન્ય મંદિરોના વિકાસ માટે રૂા. ૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. એટલું જ નહિ પણ જે અસરગ્રસ્ત દુકાનો કે મકાન ગુમાવ્યા છે. તેમને પણ વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવશે.

એટલું જ નહિ પણ મંદિરની જે દુકાનો હતી તે ફરથી બનાવવા માટે મંદિર ટ્રસ્ટને જમીન ફાળવવામાં આવશે. જ્યા મંદિર ટ્રસ્ટ દ્વારા શોપિંગ સેન્ટર બનાવવા માટે રાજ્ય સરકાર ખૂબ જ ચિંતિત છે. તેમજ રૂા. ૬૮ કરોડનો ખર્ચ કરવા માટે કામોના ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણતાના આરે છે.

નવા આયોજન પ્રમાણે જે બાંધકામ કરવામાં આવશે તેમાં ગટર પાણી સ્ટ્રીટ લાઈટ, વગેરે સહિતની સગવડોને પણ આવરી લેવામાં આવશે.

પાલનપુરના કોમ્પ્યુટર કલાસીસમાં તસ્કરો ત્રાટક્યા

પાલનપુર, તા. ૧

શહેરીના કોઝી વિસ્તારમાં આવેલા પૂર્વી કોમ્પ્યુટર કલાસીસમાં ગત રાત્રે તસ્કરોએ દુકાનનું તાળું તોડી ઈન્ટર લોક પણ તોડી અંદરથી કોમ્પ્યુટરની ચોરી કરી નાસી છુટ્યા હતા.

આ ચોરીની ઘટના આજે આ દુકાન માલિક અને આવતાં તેને ચોરી થયાની જાણ થતાં તેણે પશ્ચિમ સીટી પોલીસ સ્ટેશને જાણ કરી હતી. ત્યારે પો.ઈ. વી.આર.પટેલ અને ડી.સ્ટાફે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. આ ચોરીમાં આ દુકાન માંથી કુલ ૨ કોમ્પ્યુટર અને ૩ સી.પી.યુ. એમ કુલ ૩૫૦૦૦ની ચોરીની ફરિયાદ દુષ્યંત લખુભાઈ પટેલે આપી હતી.

ઉનાવાના યુવકની હત્યાના પ્રકરણમાં સંડોવાયેલ બે શંકાસ્પદ ગાડીઓ પાલનપુરમાંથી મળી

પાલનપુર, તા. ૧

મહેસાણાના ઉનાવામાં યુવકના અપહરણ બાદ કરાયેલ હત્યાના ચકચારી પ્રકરણમાં વપરાયેલ બે ગાડીઓ પૈકી એક ટોયેટો ગાડી ગતરોજ કાણોદર નજીકથી મળી આવી હતી. ત્યારબાદ આ ચકચારી પ્રકરણમાં પાલનપુર રેલવે સ્ટેશન પરથી શંકાસ્પદ ગાડી મળી આવતાં મહેસાણા પોલીસે એપ.એસ.એલ.ની મદદથી તપાસ હાથ ધરી છે. બે ગાડીમાં એક શીફ્ટ અને બીજી મારૂતી ઈકો મહેસાણા પોલીસે પાલનપુર આવીને શંકાસ્પદ ગાડીઓની તપાસ હાથ ધરેલ છે.

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વર્ગ-ઉના કર્મચારીઓના મંડળના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૧

ગુજરાત રાજય યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કર્મચારી મંડળની તાજેતરમાં મળેલી સામાન્ય સભામાં સતત ચોથા વર્ષે પ્રમુખ તરીકે અશ્વિન મોદીની વરણી કરવામાં આવી છે.

મંડળના મહામંત્રી તરીકે ઘનશ્યામસિંહ સોલંકી, ઉપપ્રમુખ તરીકે વી.કે. ચૌહાણ, સહમંત્રી તરીકે આર.આર. ભાભોર, સંગઠન મંત્રી તરીકે જી.એન. સોલંકી, સી.બી. પટેલ, આર.ડી. લીંબાચિયા અને ખજાનચી તરીકે એન.પી. ત્રાંસીયાની સર્વાનુમતે વરણી કરી છે. કારોબારી સભ્યો તરીકે બી.વી. ચાવડા, જે.આઈ. દવે, આર.એ. પટેલ, ભરત ઠાકોર, ડી.બી. મોરી અને જી.આર. રાવલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

સરકારી ચિરંજીવી અને બાળસખા યોજનામાં ઉચાપાત કરતાં ડૉકટરની ધરપકડ

કાંકરેજ, તા. ૧

કાંકરેજ તાલુકાના થરા પોલીસ સ્ટેશનમાં સરકારી ચિરંજીવી અને બાળસખા યોજનામાં ઉચાપાત કરતાં માં હોસ્પિટલના ડૉ. જયેશ મોદી સામે ફરિયાદ દાખલ કરાતાં પોલીસે આરોપીની ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધા છે. સરકારની ચિરંજીવી અને બાળ સખા યોજના હેઠળના પ્રસુતિના કેસો નગરપાલિકામાં નોંધાવવાના સરકારના નિયમના કારણે ઉચાપાત બહાર આવી હતી. આરોગ્ય વિભાગે તપાસ કરતાં તબીબે ૩,૯૪૮૨૦ની ઉચાપાત કરી હોવાનું બહાર આવ્યું હતું.

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા પાવાપુરી સોસાયટીમાં દવાખાનાની શાખા ખોલી સરકારની ચિરંજીવી અને બાળસખા યોજનામાં મોટા પાયે ઉચાપાત આચરનાર પાટણ મા હોસ્પિટલના તબીબ જયેશ મોદીને છ દિવસના રિમાન્ડ પુરા થતાં પોલીસે તેને ફરી કોર્ટમાં રજૂ કરી સબ જેલ શિહોરીમાં ધકેલી દીધો હતો. પાટણ એસ.ડી.એ. દોશી વિરુદ્ધ જ્યુડીશીયલ તપાસ હાથ ધરી છે.

પાટણ ખાતે માં નામની હોસ્પિટલ ધરાવતાં ડૉ. જયેશ મોદીએ કાંકરેજ તાલુકાના વેપારી મથક થરાની પાવાપુર સોસાયટીમાં દવાખાનાની શાખા ખોલી હતી અને ૧૩-૯-૨૦૧૦ થી તા. ૨૧-૬-૨૦૧૧ના સમય દરમ્યાન સરકારની ચિરંજીવી યોજનામાં વ્યાપક ગેરરીતિઓ આચરી હતી. જે કે આ યોજના હેઠળ પ્રસુતિના કેસો નગરપાલિકામાં નોંધાવવાના સરકારના નિયમના કારણે ઉચાપાત ઉજાગર થવા પામી હતી તેથી આરોગ્ય વિભાગે તપાસ કરતાં તબીબે રૂા. ૩,૯૪,૮૨૦ની ઉચાપાત કરી હોવાનું ખુલવા પામ્યું હતું. જેના કારણે જિલ્લા આરોગ્ય અધિકારી ર.નં. ૭૫/૨૦૧૨, આઈ.પી.સી. કલમ, ૪.૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબ તા. ૨૩-૬-૨૦૧૨ના રોજ નોંધવવામાં આવી હતી.

આ તબીબે સરકારના નિયમનું પાલન ન કરતાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો. તબીબ વિરુધ્ધ ફરિયાદ દાખલ થતાં આરોગ્ય તંત્રમાં સન્નાટો છવાઈ ગયો હતો. પોલીસે પાટણ ખાતેથી ઝડપી પાડી શિહોરી કોર્ટમાં રજૂ કરી છ દિવસના રીમાન્ડ મેળવ્યા હતા.રીમાન્ડ દરમ્યાન તેને ખોટા પ્રમાણપત્રો આપનાર તલાટીઓ અને મેડીકલ ઓફીસરોના નામ પણ ખુલવા પામ્યા હતા. તેથી પોલીસે તેમના જવાબો લીધા હતા.

સાબરકાઠા જિલ્લા પુરવઠા ટીમે બે સ્થળે દરોડો પાડ્યો

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના સાયરા ગામે વ્યાજબીભાવની બે દુકાનો પર જિલ્લા પુરવઠાનો દરડો પાડતાં કુલ રૂા.૫૯૪૦૦નોમાલ મોડાસા સરકારી ગોડાઉન મુકામે જમા કરાયેલાનું જાણવા મળે છે.

તા. ૩૦-૬-૧૨ના રોજ સવારે ૧૧.૦૦ કલાકના સુમારે સાયરા મુકામે ચકાસણી કરતાં માલુમ પડ્યું હતું કે ચમાર રમણભી હીરાભાઈ વ્યાજબી ભાવની દુકાનના સંચાલકને ત્યાં તપાસ કરતો ૫૦૦ કીલો ઘઉં રૂા.૧૦૦૦, ચોખા ૩૦૦ કિલો રૂા. ૨૨૫૦ કુલ રૂા.૩૨૫૦નો માલ સીઝ કરેલાનું જાણવા મળેલ છે. જ્યારે બીજા દિવસે તા. ૧-૭-૧૨ના રોજ ૧૧.૩૦ કલાકના સુમારે સાયરા ગામેફરીથી એક બીજી વ્યાજબી ભાવની દુકાન સંચાલક પિયુશકુમાર અમૃતભાઈ પટેલ રહે. સાયરા, તા. મોડાસાની તપાસણી કરતાં દુકાન બંધ હતી. આ અરસામાં સાયરા ગામના એક વ્યક્તિએ બાતમી આપેલ કે સદરહું દુકાનનો જથ્થો સુધાબેન માવજીભાઈ પટેલના ઘર આગળ મળી આવેલ પડેલ છે. જે જથ્થાની ખાત્રી કરતાં ૨૦૦૦ કિલો ઘઉં, ૯૦૦ કિલો ચોખા, ૧૫૦ કિલો ખાંડ, ૧૩૦ કિલો ઘઉં, ૫૨૦ કિલો ઘઉં, ૫૦ કિલો ચોખા, કુલ રૂા. ૫૬૧૫૦નો માલ સીઝ કરવામાં આવ્યો હતો. બંને દુકાનનો માલની કિં. ૫૯૪૦૦નો માલ મોડાસાની સરકારી ગોડાઉમ મુકામે જમા કરાવામાં આવેલાનું જાણવા મળે છે.

ઉપરાંત દરોડામાં સાબરકાઠા જિલ્લા પુરવઠા ઈન્ચાર્જ અધિકારી એચ.એમ.જાડેજાની સુચનાથી જિલ્લા પુરવઠાના ચીફ સપ્લાય ઈન્સ્પેકટર જયંતિભાઈ ચૌહાણ સ્પ્લાય ઈન્સ્પેકટર આર.એમ.ચાવડા, વી.બી.પ્રજાપતિ, આર.બી. જોશીની ટીમે દરોડો પાડી માળ પકડી પાડેલાંનું જાણવા મળે છે.

કાંકરેજ તાલુકાના ખસા ગામના વતની અને માર્કેટ યાર્ડના ચેરમેન, સહકારી આગેવાન શ્રી અણદાભાઈ પટેલના મોટાભાઈ તથા બનાસ બેંકના ડીરેક્ટર ગોવિંદભાઈ ચૌધરીના પિતાશ્રી સ્વ. વિસાભાઈ રામાભાઈ પટેલની છઠ્ઠી પૂણ્યતિથિ નિમિત્તે થરા વિશ્વ વિશ્વા મંદિર - પટેલ બોર્ડીંગ ખાતે શ્રદ્ધાંજલી સભા તથા ભૂલકાંઓને તિથિ ભોજનનો કાર્યક્રમ યોજાઇ હતો. ઉપસ્થિત મહાનુભાવોએ શ્રદ્ધાસુમન - પુષ્પાંજલી અર્પણ કરી હતી.

શબ્દાવલી - ૪૭૭૫

૧	૨	■	૩		૪	૫	૬
૭		૮		■	૯		
	■	૧૦		■		■	■
૧૧	૧૨		■	૧૩			૧૪
■		■	૧૫			■	
૧૬		■	૧૭		■	૧૮	
■	■	૧૯			■		
૨૦				■	૨૧		

આડી ચાવી

૧. મહેંદી (૨)
૩. ફરજ, જોખમદારી (૫)
૭. લાગણી, સંવેદન (૪)
૯. પ્રથા, રીવાજ (૩)
૧૦. જંગલ, વન (૨)
૧૧. ત્વરાથી, તુર્ત (૩)
૧૩. હિલચાલ, હલનચલન (૪)
૧૫. એક વાનગી (૩)
૧૬. હિસ્ટીરીયા, એક રોગ (૨)
૧૭. કેન્સલ (૨)
૧૮. ચોખ્ખું (૨)
૧૯. ગણિતનું હિસાબ મંડાવે તે લખાણ (૩)
૨૦. રજા, મંજુરી (૪)
૨૧. શાયર હોય તે... બનાવે (૩)

ઊભી ચાવી

૧. વતન છોડવું, ... કરવી (૪)
૨. અભિમાન, ગર્વ (૨)
૩. કાળજી, સંભાળ (૩)
૪. નોકરીમાંથી છૂટા કરવા (૫)
૫. નોકર, ચાકર (૨)
૬. કાગળના જથ્થાનું માપ (૨)
૮. હિન્દીમાં વરઘોડો કે જાનને ... કહેવાય (૩)
૧૨. ઓઢવાનું ગોદડું (૩)
૧૩. દરેક શ્વાસ (હર ક્ષણ) (૪)
૧૪. ઉપરાણું લેવું, ... કરવી (૫)
૧૫. જેવી દાનત તેવી... (૪)
૧૯. ... માત્ર મલીનતા પ્રભુ સ્વીકારતો નથી તેથી તો રોજ પુષ્પોને ઝાકળથી ધૂએ છે (૨)

શબ્દાવલી ૪૭૭૪ના જવાબ

આડી ચાવી :- (૧) સહજ (૩) ગવાર (૬) તાજ (૭) કમાવતર (૯) સોંસરવું (૧૦) રીંછ (૧૨) છતાં (૧૩) તરબતર (૧૬) કેવટ (૧૮) જરી (૧૯) ફટકો (૨૦) વિજ (૨૨) રજવાડી

ઊભી ચાવી :- (૧) સતાવરી (૨) હજ (૩) ગમાર (૪) વાવવું (૫) રત (૭) કસરત (૮) રફતાર (૧૧) છણાવટ (૧૨) છત (૧૪) રજ (૧૫) બરી (૧૬) કેફ (૧૭) ટકોર (૨૧) જય

એન્જીનીયરીંગ એસ્ટેટ જીઆઈડીસીમાં રકતદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧

જીઆઈડીસી એન્જીનીયરીંગ કોમ્પ્લેક્ષ એસોસિએશન ગાંધીનગરના માનદ્ મંત્રી બી.ડી. ચૌધરીએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં એન્જીનીયરીંગ એસ્ટેટ જીઆઈડીસી, સેકટર-૨૮માં એસોસિએશનના કોમ્યુનિટી હોલમાં રકતદાન શિબિર યોજાઈ હતી. શિબિરમાં રકતદાતાઓએ મોટા પ્રમાણમાં ભાગ લઈ રકતદાન કર્યું હતું.

એસોસિએશનના કોમ્યુનિટી હોલમાં યોજાયેલા રકતદાન કેમ્પમાં એસ્ટેટના ઉદ્યોગકારો, ફેકટરીના સ્ટાફ મિત્રો તથા કારીગરોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કુલ ૧૦૧ બોટલ રકતદાન કરી 'રકતદાન-મહાદાન' સૂત્રને સાર્થક કર્યું છે. આ પ્રસંગે એસોસિએશન દ્વારા સૌ રકતદાતાઓને આકર્ષક ગીફ્ટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં જીઆઈડીસી નિગમના અધિકારીઓ તથા રેડક્રોસ સોસાયટીના મેમ્બરોએ યોગ્ય સહકાર આપ્યો હતો.

ગીફ્ટ પેકના વેચાણમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વેચાણ કરતી લારીઓ દરેક મુખ્ય બજારની બહાર જોવા મળી રહી છે. ડ્રાયફુટના ભાવો વધ્યા હોવાં છતાં વ્રતના કારણે તેનું વેચાણ વધ્યું છે. તાજા ફળોના ભાવો પણ વધ્યા છે. કેરી અને કેળાંના ભાવો ઉંચકાયા છે જ્યારે સફરજન, દાડમ,જેવા ફળોના ભાવો તો એટલા ઉંચા છે કે તે મધ્યમ વર્ગને પોસાય તેમ જ નથી.

ગૌરી વ્રત કરતી બાલીકાઓની અવરજવરથી સવારે મંદિરો અને સાંજે બાગ બગીચાઓ જીવંત બન્યા છે. વરસાદ ન હોવાથી મોડી રાત સુધી નાની બાલીકાઓ બગીચાઓ જાતભાતની રમતો રમતી નજરે પડી રહી છે.

નિર્મળ અભિલાષી જાહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વખતે નિર્મળ અભિલાષી ગામોની ઘોષણા કરતાં પૂર્વે ભારે કવાયત કરી છે અને વધુમાં વધુ ગામોને નિર્મળ ગામનો દરજ્જો મળે તે માટે આશાવાદી છે.

તંત્રના વિશ્વનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તંત્ર દ્વારા ખાસ ખાનગી સર્વે કરવામાં આવ્યો હતો અને તેમાં ગામો આગામી ત્રણથી ચાર માસમાં કેટલા ઝડપથી નિર્મળ બની શકે એમ છે તેનો પણ અંદાજ કાઢવામાં આવ્યો છે.

નિર્મળ ગામ માટેની ઝુંબેશનું અભિયાન ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના નેતૃત્વમાં જિલ્લા વિકાસ અધિકારીના સીધા માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવ્યું છે. મળતી વિગતો પ્રમાણે કેન્દ્ર અને રાજ્ય પુરસ્કૃત યોજનાઓના અમલીકરણમાં અગ્રેસર એવા ગામોની પસંદગી અભિલાષી ગામ જાહેર કરવામાં અગ્રતા આપવામાં આવી છે.

નિર્મળ તાલુકા પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લા તંત્રએ જે સર્વે કરાવ્યો છે તેમાં ટોટલ સેનીટેશનમાં કેટલી કામગીરી કરવાની થાય છે, કેટલા ગામોમાં કેટલા શૌચાલયો, ભૂગર્ભ ગટરની વ્યવસ્થા, નળના જોડાણો બાકી છે તેવી પ્રાથમિક સુવિધાઓને આવરી લેવામાં આવેલ છે. માણસા તાલુકાના ૬૬ ગામોને નિર્મળ બનાવવા માટે તંત્ર છેલ્લા બે વર્ષથી સન્ન મહેનત કરી રહેલ છે અને આ વખતે સફળતા મળશે તેવો વિશ્વાસ તંત્રના અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

જિલ્લાના જે ૭૭ ગામ નિર્મળ અભિલાષી જાહેર કરવામાં આવ્યા છે તેમાં દહેગામના ૨૪, ગાંધીનગરના ૧૬, કલોલના ૧૬ અને માણસાના ૧૭ ગામનો સમાવેશ થાય છે. મળતી વિગતો મુજબ આ ૭૭ ગામોની દરખાસ્ત તૈયાર કરી અને સરકારને પણ મોકલી આપવામાં આળી છે. આ અંગેની કામગીરીનો આરંભ પણ એકાદ સપ્તાહમાં શરૂ કરી દેવામાં આવશે તેવો સંકેતો તંત્રમાંથી મળી રહ્યા છે.

વ્યાપક બદલીઓ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાંચ સંયુક્ત સચિવોની આ આંતરિક બદલીઓ ઉપરાંત ૧૨ જેટલા નાયબ સચિવોની પણ બદલીનો હુકમો કરવામાં આવ્યા છે. ૨૪ જેટલા ઉપસચિવોને નાયબ સચિવ સંવર્ગમાં બઢતી આપવામાં આવી છે.

અધિકારી સંવર્ગમાં કરાયેલા આ વ્યાપક ફેરફારોની વત્તા ઓછા પ્રમાણમાં તમામ વિભાગોને અસર થવા પામી છે.

જે નાયબ સચિવોની બદલીઓ કરવામાં આવી છે તેમાં શ્રી આર. વી. સુથાર, કે. એમ. પટેલ, આર. આર. કટારા, જી. બી. પટેલ, ડી. પી. દેસાઈ, જે. એ. ઠક્કર, એસ. એમ. ગામીત, ડી. જી. રંગીની, પી. ટી. ક્રિશ્ચિયન, એમ. એમ. રાઠોડ, કુ. ડી. પી. ધીમ્મર, જે. પી. ત્રિવેદીનો સમાવેશ થાય છે.

સામાન્ય વહીવટ વિભાગે ૬૬ જેટલા સેક્શન અધિકારીઓને પણ ઉપસચિવ સંવર્ગમાં બઢતી આપતા હુકમો જારી કર્યા છે. આમ એક સાથે એકસો જેટલા અધિકારીઓની બદલી અને બઢતીનો મોટો ઘાણવો સરકારે ગઈકાલે ક્લીયર કર્યો છે.

૩૦મી જૂનના રોજ સચિવાલયના વિવિધ વિભાગો સહિત રાજ્યમાં આવેલી જુદી જુદી સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારીઓ - કર્મચારીઓ પૈકી અંદાજે ૨૫૦થી વધુ અધિકારીઓ - કર્મચારીઓ પણ નિવૃત્ત થતાં મોટા પ્રમાણમાં વિવિધ સંવર્ગોમાં જગ્યાઓ ખાલી પડવા પામી હતી.

સચિવાલયના જુદા જુદા વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકાર દ્વારા મોટા પાયા પર ગઈકાલે બઢતી - બદલીના હુકમો જારી કરવામાં આવ્યા હતા.

વાયબ્રન્ટ સમિટમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓસ્ટ્રેલિયા આ વખતે ભાગીદારી કરે તેવી સંભાવના છે.

વિધાનસભાની ચૂંટણી જીત્યા પછીનો આ માહોલ હશે. આ વાયબ્રન્ટમાં દેશના ટોચના ઉદ્યોગપતિઓને આમંત્રણ આપવામાં આવશે. સમિટમાં આ વખતે ૫૬ પ્રિ-ઈવેન્ટ હશે. અગાઉ ૩૯ સેમિનાર હતા આ વખતે ૪૨ સેમિનાર છે. ગઈ વખતે ૬૨ કાર્યક્રમો હતા આ વખતે ૧૧૫ છે.

પ્રદર્શન વિસ્તાર એક લાખ સ્કવેર મીટરમાં રાખવામાં આવ્યો છે.

૧૧ અને ૧૨ જાન્યુઆરીએ મુખ્ય સમિટમાં ભારતના દર્શન થશે કારણ કે ભારતના અન્ય રાજ્યોના સેમિનાર હોલ પણ બનાવવામાં આવનાર છે. ૧૩મીએ બિઝનેસ ટુ ગવર્મેન્ટ મીટીંગ્સ રાખવામાં આવી છે. આ ગ્રાન્ડ શો ગાંધીનગરના મહાત્મા મંદિરમાં થશે.